**ફરીયાદીના મોબાઈલ નંબર ઉપર વારંવાર ફોન કરી, ફ્રેન્ડ કરી, ફ્રેન્ડશીપની માંગણી કરી, ફરીયાદીના બિભત્સ ફોટો પાડી, વોટસએપ ઉપર મોકલનાર આરોપીને ઝડપી પાડતી, સુરત શહેર સાયબર ક્રાઈમ**

સુરત શહેરના કાપોદ્રા પો.સ્ટે. ॥ ગુ.ર.નં. ૮૯/૨૦૧૯ ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ કલમ ૬૬(ઈ)(બી) મુજબનો ગુન્હો દાખલ થયેલ સદર ગુન્હો સોશીયલ મીડીયા સબંધેનો હોય, ટેકનીકલ સર્વેલન્સના આધારે આ ગુન્હામાં સંડોવાયેલ આરોપીને આઈડેન્ટીફાઈ કરી, સાયબર ક્રાઈમ પો.સ્ટે.ના પો.સ.ઈ.શ્રી જે.બી.આહીર તથા ટીમના માણસોએ સદર ગુન્હામાં સંડોવાયેલ આરોપી નિલેશ રમણીકભાઈ સાવલીયા ઉ.વ.૩૩ રહે. સી/૫/૦૨, ઓપેરા પેલેસ, ખોલવડ લસકાણા કામરેજ, સુરતનાને શોધી કાઢી તેની પુછપરછ કરતા આ કામના ફરી.શ્રીના બિભત્સ ફોટોગ્રાફ તેઓની જાણ બહાર પાડી તેઓના મોબાઈલ નંબર ઉપર ફોન કરી, ફ્રેન્ડશીપ કરવાની માંગણી કરેલ અને ફરીયાદીએ ફ્રેન્ડશીપ કરવાની ના પાડતા તેઓના બિભત્સ ફોટોગ્રાફ તેઓના વોટસએપ ઉપર મોકલેલ હોવાની કબુલાત કરેલ અને તેઓ વિરૂધ્ધ પુરાવા મળી આવતા અટક કરવામાં આવેલ જે ગુન્હો વણશોધાયેલ હોય, જે શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.